# પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનું વડાપ્રધાન ઉદ્‌ઘાટન કરશે

## વૈદિક સંસ્કૃતિની પરંપરા અનુસાર ઉદઘાટન સમારંભ યોજાશે : ૩૦ દિવસ સુધી પ્રેરણાત્મક કાર્યક્રમોની હારમાળા યોજાશે









ગાંધીનગર તા. ૧૦

માત્ર અમદાવાદ કે ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક આગવી છાપ ઊભી કરનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની તૈયારીઓ પૂર્ણ રૂપે થઈ ચૂકી છે. આગામી તા. ૧૪ ડિસેમ્બરે સાંજે ૫.૦૦ થી ૭.૩૦ દરમ્યાન મહોત્સવના પ્રેરણામૂર્તિ પૂ.મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વિરાટ જનમેદનીની ઉપસ્થિતિમાં મહોત્સવનું શાનદાર ઉદઘાટન થશે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બે ભાગમાં યોજાશે જેમ પ્રથમ ભાગમાં વડાપ્રધાન અને પૂ. મહંત સ્વામી શતાબ્દી મહોત્સવ સ્થળ "પ્રમુખસ્વામી મહારાજ નગર"નું ઉદઘાટન કરશે અને ત્યારબાદ બીજા ભાગમાં તેઓ ઉદઘાટન સમારંભમાં શતાબ્દી મહોત્સવનું ઉદઘાટન કરશે બીએપીએસ સ્વામિના રાયણ સંપ્રદાયના મહાન સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપવા માટે ભારત અને વિદેશોમાંથી ઠેર ઠેર લાખો દર્શનાર્થીઓ ઊમટશે, તેની તૈયારીઓ રૂપે ૬૦૦ એકરની વિશાળ ભૂમિમાં મહોત્સવ સ્થળ પ્રમુખસ્વામી મહારાજ નગર વિકસાવવામાં આવ્યું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્મિત આ મહોત્સવ સ્થળ ૨૫૦ કરતાં વધારે ખેડૂતો અને બિલ્ડરોના નિઃસ્વાર્થ સહયોગથી તેમણે આપેલી ભૂમિ પર રચવામાં આવી છે. મહોત્સવ સ્થળના અનેક આકર્ષણો જીવનઘડતરની પ્રેરણા આપે છે અને લોકોને નૈતિક-આધ્યાત્મિક બાબતો જીવનમાં નવી રીતે શીખવાની અને અપનાવવાની એક તક પૂરી પાડે છે. શતાબ્દી મહોત્સવ સ્થળે અદભુત રંગબેરંગી ડિઝાઈન તેમજ પ્રેરક સંદેશ સાથે તૈયાર કરવામાં આવેલ પ્રમુખ જ્યોતિ ઉદ્યાન એટલે કે ગ્લો ગાર્ડન ૨૧૦૦ સ્વયંસેવકોની દિવસ-રાતની મહેનતથી અદભુત રીતે સજાવવામાં આવ્યો છે. ૧૦ એકર વિસ્તારમાં ફેલાયેલા આ ગ્લો ગાર્ડનમાં અંદરથી પ્રકાશિત થાય તેવાં, સ્વયંસેવકોએ હાથે બનાવેલાં વિશાળ કદનાં આઠ હજારથી વધુ



ફૂલો ઝગમગી ઊઠ્યાં છે. કુલ ૨૧૦૦થી વધુ સ્વયંસેવકોએ છેલ્લાં ૬ મહિનાથી વધુ સમય મહેનત કરીને આ ગ્લો ગાર્ડન વિકસાવ્યું છે. ગ્લો ગાર્ડનમાં ૧૫૦થી વધુ વિવિધ સંદેશાઓ લઈને જાત મહેનતથી રચવામાં આવેલ વિશાળકાય પ્રાણીઓ, પક્ષીઓ વગેરે સૌની આંખોને જકડી રાખશે. ગ્લો ગાર્ડન પ્રકૃતિમાં શ્રદ્ધા, પરમાત્મામાં શ્રદ્ધા, શાસ્ત્રોમાં શ્રદ્ધા, ગુરુમાં શ્રદ્ધા, રાષ્ટ્રમાં શ્રદ્ધા અને વિશ્વમાં શ્રદ્ધા જેવા વિષયોની રચનાત્મક પ્રસ્તુતિ કરે છે. મહોત્સવ સ્થળે કુલ ૭ પ્રવેશદ્વાર છે, જે પૈકી મુખ્ય પ્રવેશદ્વાર સંતદ્વાર તરીકે સૌથી વધુ કલાત્મક પ્રવેશદ્વાર ૩૮૦ ફૂટ પહોળો પ્રવેશદ્વાર છે. અનેકવિધ કલાકૃતિઓ અને વિશિષ્ટ લાઈ ટિંગથી શોભતા આ પ્રવેશ દ્વારના વિશાળ ગવાક્ષોમાં ભારતના મહાન સંતોની ૮ ફૂટ ઊંચી પ્રતિમાઓ દર્શન આપે છે. શ્રીમદ્ આદિ શંકરાચાર્ય, શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીમદ્ રામાનુજાચાર્ય, તુલસીદાસજી, શ્રી નરસિંહ મહેતા, શ્રી મીરાંબાઈ તેમજ શ્રી બુદ્ધ અને શ્રી મહાવીર જેવા મહાન અવતારી પુરુષો અને સંતોની આ ૨૮ પ્રતિકૃતિઓ સૌને પવિત્ર પ્રેરણાઓ આપશે. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ સ્થળના કેન્દ્રમાં ૪૦ ફૂટ પહોળી અને ૧૫ ફૂટ ઊંચી પીઠિકા પર સ્થાપવામાં આવેલ પ્રમુખસ્વામી મહારાજની સ્વર્ણિમ મૂર્તિ ૩૦ ફૂટ ઊંચી છે. આ મૂર્તિની ચારે તરફના વર્તુળમાં અહર્નિશ સેવામય પ્રમુખસ્વામી મહારાજના અદભુત પ્રેરક પ્રસંગો છે. જેમાં ચોવીસેય કલાકોની પ્રસ્તુતિ દર્શનીય છે. આ વર્તુળની રંગબેરંગી ફૂલોની શોભતી રચનાઓ પણ આહલાદક છે. આ સાથે દિલ્હીના સ્વામિના રાયણ અક્ષરધામની હૂબહૂ પ્રતિકૃતિ રૂપે રચવામાં આવેલ ૬૭ ફૂટ ઊંચા મહામંદિરમાં કુલ પાંચ વિશાળકાય ઘુમ્મટો નીચે સનાતન ધર્મના દિવ્ય દેવસ્વરૂપો દર્શન આપે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ – શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગવાન શ્રી રાધા-કૃષ્ણ, ભગવાન શ્રી સીતા-રામ, ભગવાન શ્રી ઉમા-મહાદેવ વગેરેની અદભુત મૂર્તિઓનાં દર્શન કરીને લાખો લોકો શ્રદ્ધા દૃઢાવશે. આ ઉપરાંત આ મંદિરના મંડોવર અને સ્તંભોમાં ૪૮ ગણપતિજી, ૧૦૪ ઋષિમુનિ-સંતો-ભક્તોની કલાત્મક મૂર્તિઓ શોભે છે. મહોત્સવના વિશાળ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં ૧૮૦ ફૂટ પહોળા મંચ પર ૩૦૦ થી વધુ કલાકાર બાળકો-યુવકો પ્રસ્તુતિ કરશે, જેને એક સાથે ૨૦,૦૦૦ કરતા વધુ પ્રેક્ષકો ખુલ્લા સભાગારમાં બેસીને માણી શકશે. મહોત્સવ સ્થળે રચાયેલા ૫ વિશાળ અને પ્રભાવક પ્રદર્શન ખંડોમાં પાંચ વિવિધ થીમ દ્વારા પ્રેરણાઓ આપવામાં આવશે.

### વિશિષ્ટ આકર્ષણ એટલે બાળનગરી

મહોત્સવનું એક વિશિષ્ટ આકર્ષણ એટલે બી.એ.પી.એસ. બાળનગરી. આ બાળનગરી એટલે બાળકો દ્વારા વિચારાયેલી, બાળકો માટે બનાવાયેલી, બાળકો દ્વારા સંચાલિત એક એવી નગરી કે જ્યાં વિવિધ પ્રસ્તુતિઓ બાળકોને વધુ સારા વ્યક્તિ બનવાની પ્રેરણાથી છલકાવી દેશે. ૪,૫૦૦થી વધુ બાળ-બાલિકા સ્વયંસેવકો દ્વારા સંચાલિત આ બાળનગરીને સજાવવામાં ૬,૫૦૦થી વધુ બાળપ્રવૃત્તિ કાર્યકરો સેવા આપી રહ્યા છે. કલાત્મક મેસ્કોટ, ૩ પ્રદર્શન ખંડો, સંસ્કૃતિ રત્નો, શાંતિનું ધામ, બાળસ્નેહી ઉદ્યાન, બાળમંડળ એક્સપ્રેસ જેવી વિવિધ રચનાઓ ઉપરાંત બાળનગરીના બે કલામંચોમાં ૧૫૦થી વધુ બાળકો નૃત્ય, ગીત-સંગીત, વક્તવ્યોની રમઝટ બોલાવી બાળકોને મોજ કરાવશે અને તેમની સુશુપ્ત શક્તિઓ ખીલવવાની પ્રેરણા આપશે.

### શતાબ્દી મહોત્સવ સ્થળે સુવિધાઓ

મહોત્સવ સ્થળે ઠેર ઠેર સંડાસ-બાથરૂમના કુલ ૧૨૫ કરતાં વધુ પાકાં બ્લોક્સ તૈયાર કરવામાં આવ્યા છે, જેના નિર્માણથી માંડીને સ્વચ્છતા સુધીની સેવાઓમાં વિવિધ ડિગ્રીધારી ૨૨૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા છે. મહોત્સવનું સંચાલન કરનારા કુલ ૪૫ કાર્યવિભાગોનું સંયોજન કરવા માટે ખાસ આઈ.ટી. વિભાગ દ્વારા નેટવર્કિંગ કરવામાં આવ્યું છે. મહોત્સવ સ્થળે ઉમટનારા લાખો દર્શનાર્થીઓની પાર્કિંગની વ્યવસ્થા માટે અઢી હજાર કરતા વધારે સ્વયંસેવકો ખડે પગે સેવા બજાવવા ઊભા રહેશે. પ્રમુખસ્વામી મહારાજ નગરના પ્રત્યેક વિભાગની સ્વચ્છતા માટે વિવિધ પ્રકારની સ્વચ્છતા-મશીનરીઓ સાથે અઢી હજાર સ્વયંસેવકો સજ્જ છે. અહીં કચરામાંથી ખાતર કે અન્ય વસ્તુઓ એટલે કે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા માટે પણ વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે, જેમાં ફેંકી દેવાયેલી પાણીની બોટલોમાંથી કચરા ટોપલીઓ જેવી રચનાઓ બનાવીને પર્યાવરણની સંભાળનો પણ ખ્યાલ કરવામાં આવ્યો છે.

# પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં વિવિધ કાર્યક્રમોથી સભામંડપો ગુંજતા રહેશે

## કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની ઉપસ્થિતિમાં ’ઈન્ટરનેશનલ કન્વેન્શન ફોર બેટર લિવિંગ’ યોજાશે : દરરોજ બપોરે ૨ થી રાત્રે ૯ વાગ્યા સુધી, રવિવારે સવારે ૯થી રાત્રે ૯ વાગ્યા સુધી પ્રવેશ મળશે

ગાંધીનગર તા.૧૦

પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં વિવિધ કાર્યક્રમોથી ૩૦ દિવસ સુધી મહોત્સવના વિવિધ સભામંડપો ગુંજતા રહેશે, જેમાં આધ્યાત્મિક વ્યાખ્યાનો, વિદ્વત્તાસભર સેમિનારો અને પરિષદો, પ્રોફેશનલ્સ સંમેલનો સહિત વિવિધ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ‘નારી ઉત્કર્ષ મંડપમ’માં રોજ બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમ્યાન મહિલા કાર્યક્રમોની અદભુત પ્રસ્તુતિઓ થશે, જેમાં ભારત અને વિદેશના મહિલા મહાનુભાવો પણ મંચ પરથી વિદ્વત્તાસભર સંબોધનોનો લાભ આપશે.

‘નારાયણ સભાગૃહ’માં રોજ સાંજે ૫.૦૦ થી ૭.૩૦ દરમ્યાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની હસ્તીઓની ઉપસ્થિતિમાં હજારોની મેદની વચ્ચે વિવિધ વિષયક સભાકાર્યક્રમો થશે. જેમ કે તા. ૧૫ ડિસેમ્બરે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહથી લઈને દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૩૦ દિવસીય કાર્યક્રમોના ‘ઈન્ટરનેશનલ કન્વેન્શન ફોર બેટર લિવિંગ’નો આરંભ થશે. તા. ૧૮-૧૯ ડિસેમ્બરે મંદિર શિલ્પ સ્થાપત્ય પર કોન્ફરન્સની સાથે વિશિષ્ટ મહાનુભાવો લાભ આપશે. તા. ૨૦ ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય સંવાદિતા દિને તમામ ધર્મોના વડાઓ એકત્રિત થઈને મંચ પરથી એકતાનો સંદેશ આપશે. તા. ૨૧ અને ૨૨ના રોજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના ઉત્કર્ષ અંગે કાર્યક્રમો થશે, જેમાં ભારતના વિવિધ પ્રાંતોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. તા. ૨૫ ડિસેમ્બરે રાષ્ટ્રીય સંતસંમેલન યોજાશે, જેમાં શ્રીમદ્ શંકરાચાર્યજી સ્વામીશ્રી સદાનંદજી મહારાજની ઉપસ્થિતિમાં વિવિધ મઠ-સંપ્રદાય-અખાડાઓના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણના પ્રતિનિધિરૂપ સેંકડો સંતો ઉપસ્થિત રહેશે અને સંત મહિમાનું ગાન કરશે. પૂજ્ય સ્વામીશ્રી અવધેશાનંદજી મહારાજ, પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ, પૂજ્ય અવિચલદાસજી મહારાજ, પૂજ્ય શ્રી પરમાત્માનંદજી મહારાજ, પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી, જૈનાચાર્ય પૂજ્ય શ્રી અભયદેવસૂરિશ્વરજી મહારાજ વગેરે સહિત સંતો લાભ આપશે. તા. ૨૬ ડિસેમ્બરે સ્વામિનારાયણીય સંતસાહિત્યની છણાવટ કરતું વિદ્વત્ સંમેલન થશે. તા. ૩૧ ડિસેમ્બરે ભારતની સંસ્કૃત યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ અને વિદ્વાનોની ઉપસ્થિતિમાં વિશિષ્ટ તત્ત્વજ્ઞાન સમારોહ યોજાશે, જેમાં પ્રકાંડ વિદ્વાનો દાર્શનિક સંવાદો કરશે.

તા. ૩-૪ જાન્યુઆરીએ બાળ-યુવા સંમેલનો યોજાશે, જેમાં દેશ-વિદેશના બાળકો-યુવાનોની રોમાંચક રજૂઆતો થશે. તા. ૫ અને ૧૦ જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય મહિલા કાર્યક્રમો યોજાશે. તા. ૬ થી ૧૧ જાન્યુઆરી દરમ્યાન નોર્થ અમેરિકા દિન, યુ.કે.-યુરોપ દિન, આરબદેશો દિન, આફ્રિકા ખંડ દિન, ઓસ્ટ્રેલેશિયા દિન વગેરે કાર્યક્રમો દ્વારા જુદા જુદા દેશોના રાજદૂતો અને પ્રખર નેતાઓની ઉપસ્થિતિમાં વિવિધ પ્રસ્તુતિઓ થશે. તા. ૧૫ જાન્યુઆરીએ મહોત્સવનો શાનદાર પૂર્ણાહૂતિ સમારોહ લાખોની જનમેદની વચ્ચે યોજાશે. ગીત-સંગીત-નૃત્ય અને વિખ્યાત સંતો-મહંતો અને મહાનુભાવોના વ્યાખ્યાનો સાથે મહોત્સવ સ્થળની પ્રત્યેક સાંજ વિવિધ પ્રેરણાઓથી છલકાતી રહેશે. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, વિદેશમંત્રી જયશંકર તેમજ વિદેશના મહાનુભાવો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. મહોત્સવ સ્થળે દરરોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી પ્રવેશ મળશે. રવિવારે સવારે ૯.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી પ્રવેશ મળશે. રોજ રાત્રે ૧૦.૦૦ વાગ્યે મહોત્સવ સ્થળ બંધ થશે.

# એસજેપીઆઈ- એનઆઈસીએમ ખાતે આંતર્રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ



ગાંધીનગર તા.૧૦

ગાંધીનગર ખાતેની શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ અને કોન્ફેબ ૩૬૦ ડીગ્રીના સંયુક્ત ઉપક્રમે એસજેપીઆઈ-એનઆઈસીએમ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ ખાતે "ગ્લોબલ કોન્ફરન્સ ઓન ઈમરજિન ટેકનોલોજીસ બિઝનેસ સસ્ટેનેબલ ઈનોવેટિવ બિઝનેસ પ્રેક્ટિસિસ એન્ડ સોશિયલ વેલ બીંઈગ" નામે એક અતિ મહત્વપૂર્ણ આંતર્રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ જેમાં વૈશ્વિક સ્તરેથી વિવિધ ૯ યુનિવર્સીટીઓ સહભાગી થઈ હતી. આ કોન્ફરન્સ સમગ્ર વિશ્વના કુલ ૯ કેન્દ્રો પરથી એક સાથે યોજાઈ હતી.

બે દિવસીય આ કોન્ફરન્સ માં કુલ ૨૫૦ રિસર્ચ પેપર્સ રજુ કરવામા આવ્યાં જે ૨૫ દેશનાં ૭૦૦ વિષયના તજજ્ઞો દ્વારા સંશોધિત કરવામાં આવ્યા હતા. તદ્દુપરાંત વિવિધ વિષયક ૨૫ રિસર્ચ જર્નલમાં આ સંશોધન કાર્ય પ્રસિદ્ધ કરવામાં આવશે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયપ્રકાશ પટેલ ચીફ પેટ્રોન તરીકે હાજર રહ્યાં હતાં. મુખ્ય અતિથી તરીકે સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ, પંડીત દિનદયાલ એનર્જી યુનીવર્સીટીના પ્રાધ્યાપક ડૉ. નારાયણ બસેર ઉપસ્થિત રહ્યાં તો બીજી તરફે એસજેપીઆઈના ડિરેક્ટર ડો. હરિશ્ચંદ્રસિંહ રાઠોડે અને કોન્ફરન્સ સેક્રેટરી તરીકે ડો.હિના થાનકીએ હાજરી આપી હતી. કોન્ફરન્સ ૩૬૦ ડીગ્રીના પ્રતિનિધિ તરીકે પ્રો.અનુજ કુમાર અને ડૉ.નિશુ નવી દિલ્હીથી ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગરીબ બાળકો માટે અક્ષરજ્ઞાન સંસ્થા

## અક્ષરજ્ઞાન સંસ્થા પાંચ બાળકોથી શરૂ થઈ હતી જેમાં આજે પાંચસોથી વધુ ગરીબ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે







ગાંધીનગર, તા. ૧૦

‘અક્ષરજ્ઞાન’ એટલે અક્ષરનું જ્ઞાન. માત્ર ૫ બાળકો અને ૩ શિક્ષકોથી શરૂ કરેલ અક્ષરજ્ઞાનના વર્ગોમાં આજ સુધીમાં ૫૦૦થી વધારે બાળકો નિઃશુલ્ક શિક્ષણ મેળવી ચૂક્યા છે અને ૫૦ થી વધુ શિક્ષકો સેવા આપી ચૂક્યા છે. શહેરમાં છૂટક મજૂરી કરીને ઘર ચલાવતા અને ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોના બાળકો માટે સામાજિક સંસ્થાઓ કાર્યરત હોય છે. ગાંધીનગરમાં ગરીબ બાળકોમાં કંઈક સેવાકાર્ય જેમાં શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર, ઘડતર જેવા કાર્યો થાય તેવા હેતુથી તા. ૧૩-૧૨-૨૦૧૦ના રોજ અક્ષરજ્ઞાન વર્ગની શરૂઆત ડૉ. સોમભાઈ પટેલ (પૂર્વ નિયામક, કડી સર્વવિદ્યાલય) દ્વારા કરવામાં આવી હતી. અક્ષરજ્ઞાનનો મુખ્ય હેતુ છે કે દરેક બાળક શિક્ષિત થાય, તેના અંદર રહેલી કળાને બહાર લાવીએ, તેનામાં સંસ્કારનું ઘડતર થાય. આ ઉપરાંત જે બાળકો થોડા મોટા છે અને આગળ ભણવા માંગે છે તેમને માટે બેંકના કામકાજ, આરટીઆઈ, બીજા નાના મોટા સરકારી લાભોની માહિતી આપવી અને તેમને અને તેમના પરિવારને મદદ કરવી. આપણે જ્યારે કોઈક બાળકને ભોજન આપીએ છીએ કે પૈસા આપીએ છીએ તો તે માત્ર તે સમય પુરતુ જ રહે છે પરંતુ જ્યારે આપણે તેને શિક્ષણ આપીએ છીએ તો તેના સાથે જીવનભર રહે છે. આ સંસ્થાના માણસો એવુ માને છે કે જો તમે કોઈને કૌશલ્યમાં મદદ કરવા માંગતા હોય તો તેમની પ્રતિભાને વરવી જેથી તેઓ જરૂરિયાતો પૂરી કરવામાં સક્ષમ બની શકે. તેથી જો તમે એક બાળકને શિક્ષિત કરો અને તાલીમ આપો તો તેનુ આખુ કુટુંબ સુખી બની જશે. આ સંસ્થાનો મુખ્ય ઉદેશ્ય શિક્ષણ આપવાનો રહ્યો છે. વર્ગમાં બાળકોને પાયાથી ભણાવવાનું શરૂ કરવામાં આવે છે. તેઓને ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, વગેરે જેવા વિષયો ભણાવવામાં આવી રહ્યા છે. તેમને લખતા-વાંચતા શીખવવામાં આવે છે. તેમના માટે જુદા જુદા પ્રકારના વર્કશોપ રાખવામાં આવે છે. દિવા બનાવવા, રાખડી બનાવવી, ચિત્રસ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, નિબંધ સ્પર્ધા, રમત-ગમત, ડાન્સ, સિંગિંગ વગેરે. જેથી કરીને તેમનામાં રહેલી કળા દુનિયા સમક્ષ લાવી શકાય. દિવાળી, જન્માષ્ટમી, નવરાત્રી, રક્ષાબંધન, હોળી, ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી વગેરે તમામ તહેવારોની ઉજવણી તેમના સાથે કરવામાં આવે છે. દર વર્ષે તેમને એક દિવસીય પિકનિક પર લઈ જવા, તેમના માટે જરૂરી સ્ટેશનરી, જરૂરી વસ્તુઓ, નાસ્તો, સ્કૂલ ફી ન ભરી શકે તેવા બાળકોને મદદ કરવી વગેરે અક્ષરજ્ઞાન દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત અક્ષરજ્ઞાન ટીમ દ્વારા સિવિલ હોસ્પિટલ, પોલીસ સ્ટેશન, અનાથાશ્રમ વગેરેમાં જઈ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવે છે. ગરીબ બાળકો માટે ‘ક્લોથ ડ્રાઈવ’ કરવામાં આવે છે. હાલમાં અક્ષરજ્ઞાનના વર્ગો ગાંધીનગરમાં ૪ સ્થળોએ ચાલે છે. સૌના સાથ અને સૌના સહકારથી ટીમ દ્વારા વધુમાં વધુ બાળકોને શિક્ષણ આપવા માટે તેમના માટે વર્ગો શરૂ કરી શકાશે તેવું અક્ષરજ્ઞાનના સર્વે સભ્યોની આશા છે. આ સાથે જ વધુમાં વધુ લોકો અક્ષરજ્ઞાન સાથે જોડાય અને બાળકોને શિક્ષણ આપવામાં અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ભણતરમાં મદદરૂપ થાય. એક દિવો શિક્ષણનો આ બાળકો દ્વારા તેમના ઘર પણ પ્રગટે અને જેની રોશની આખા માનવસમાજ પર થાય. ગાંધીનગરમાં અક્ષરજ્ઞાનના વર્ગ ગ-૬ અને ઘ-૬ સર્કલ વચ્ચે કડી સંકુલ બાજુ ફૂટપાથ પર સાંજે ૬.૩૦ થી ૭.૩૦ વાગ્યે, પોસ્ટઓફીસ જોડે સેક્ટર-૧૬ ખાતે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ વાગ્યે, સરગાસણ ખાતે સાંજે ૬ થી ૭ વાગ્યે આ વર્ગો ચાલે છે.